
# જ્ઞાનવાપીનો મામલો સુનાવણીને યોગ્ય છે

## જ્ઞાનવાપી કેસ મામલે વારાણસી કોર્ટનો મહત્વનો નિર્ણય : શ્રૃંગાર ગૌરી-જ્ઞાનવાપી મસ્જિદમાં આગળ પણ વધુ સુનાવણી હાથ ધરાશે, આદેશ આપ્યો ત્યારે હર હર મહાદેવના નારાઓ પણ લાગવા લાગ્યા



વારાણસી , તા.૧૨

ઉત્તર પ્રદેશના વારાણસીમાં જિલ્લા કોર્ટે જ્ઞાનવાપી મામલે મહત્વનો નિર્ણય આપ્યો છે. સોમવારે જ્ઞાનવાપી સ્થિત શ્રૃંગાર ગૌરીના નિયમિત દર્શન અને પૂજા તથા દેવી-દેવતાઓના રક્ષણને લઈ ચૂકાદો આપ્યો છે. જેનાથી હિન્દુ પક્ષમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. જિલ્લા જજ ડૉક્ટર અજય કૃષ્ણ વિશ્વેશની કોર્ટે મેન્ટેનેબિલિટી પર પોતાનો ચૂકાદો સંભળાવતા સ્પષ્ટ કર્યુ કે શ્રૃંગાર ગૌરી-જ્ઞાનવાપી મસ્જિદમાં આગળ પણ વધુ સુનાવણી હાથ ધરાશે.

કોર્ટે આજે જ નિર્ણય લેવાનો હતો કે આ અરજી સુનાવણી કરવા યોગ્ય છે કે નહીં. તો મુસ્લિમ પક્ષની અરજી ફગાવી દેવામાં આવી છે. જજે જ્યારે આદેશ આપ્યો તો હર હર મહાદેવના નારા લાગવા લાગ્યા. એટલું જ નહીં આ મામલે અરજીકર્તા મહિલાઓનું કોર્ટ પરિસરમાં સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. તમામ પક્ષકાર અને વકીલ કોર્ટ રૂમમાં હાજર રહ્યા હતા. જજનો નિર્ણય લગભગ ૧૫-૧૭ પાનાનો છે.

કોર્ટ પરિસરથી લઈને કાશી વિશ્વનાથ મંદિર સુધી મોટી સંખ્યામાં સુરક્ષાકર્મીઓ પણ તૈનાત કરવામાં આવ્યા હતા. આ આદેશ ઓર્ડર ૭ રુલ નંબર ૧૧ના આધાર પર આપવામાં આવ્યો છે. જો તેને સરળ ભાષામાં સમજવામાં આવે તો, એના હેઠળ કોર્ટ કોઈ પણ કેસમાં તથ્યોના મેરિટ પર વિચાર કરવાના બદલે સૌથી પહેલાં એ નક્કી કરે છે કે શું આ આરજી સુનાવણી કરવા યોગ્ય છે કે નહીં.

# ભારતમાં કોરોના રસીકરણનો આંકડો ૨૧૫ કરોડને પાર થયો

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં કોરોનાના નવા કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫ હજાર ૨૨૧ નવા કેસ નોંધાયા છે અને ૧૫ સંક્રમિતોના મોત થયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નવા આંકડા બાદ હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪૭ હજાર ૧૭૬ થઈ છે. કુલ ૪ કરોડ ૪૫ લાખ ૫૮૦ લોકો કોરોના મુક્ત થયા છે. મૃત્યુના કુલ આંકડા પર નજર કરીએ તો આ આંકડો ૫ લાખ ૨૮ હજાર ૧૬૫ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૨૧૫ કરોડ ૨૬ લાખ ૧૩ હજાર ૦૪૯ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૭ લાખ ૮૧ હજાર ૭૨૩ ડોઝ અપાયા હતા.

# પાંચ માસ પછી સેન્સેક્સ ૬૦૦૦૦ પોઈન્ટને પાર

## કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઈટી, બેન્કિંગ શેરોમાં વધારો : સેન્સેક્સમાં ૩૨૨, નિફ્ટીમાં ૧૦૩ પોઈન્ટનો વધારો

મુંબઈ, તા.૧૨

વૈશ્વિક બજારોના સકારાત્મક વલણને જોઈએ તો સોમવારે બીએસઈ સેન્સેક્સ લગભગ ૩૨૨ પોઈન્ટના વધારા સાથે ૬૦,૦૦૦ની ઉપર બંધ થયો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૩૨૧.૯૯ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકાના વધારા સાથે ૬૦,૧૧૫.૧૩ની ત્રણ સપ્તાહની ટોચે બંધ રહ્યો હતો. એનએસઈ નિફ્ટી ૧૦૩ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકા વધીને ૧૭,૯૩૬.૩૫ પર બંધ થયો હતો.

નિફ્ટીમાં ૩૬ શેરો આજે ઉછાળા સાથે બંધ થયા હતા. બેંકિંગ, આઈટી અને એનર્જી શેરોમાં આજે જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. વિદેશી ફંડની ખરીદી, ક્રૂડ ઓઈલના નીચા ભાવ અને અર્થતંત્રમાં રિકવરી દર્શાવતા મેક્રો ડેટાએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો હતો. ગ્રાહક ફુગાવો અને ઔદ્યોગિક ઉત્પાદનના ડેટા પર બજારો આશાવાદી રહ્યા હતા.

સેન્સેક્સના શેરોમાં ટાઈટન ૨.૩૯ ટકાના ઉછાળા સાથે ટોચ પર હતો, ત્યારબાદ એક્સિસ બેંક, ટેક મહિન્દ્રા અને ટાટા સ્ટીલનો નંબર આવે છે. આરઆઈએલ, ઈન્ફોસીસ, ટીસીએસ, આઈસીઆઈસીઆઈ બેંક, બજાજ ફાઈનાન્સ અને એલએન્ડટીના શેર પણ આજે વધ્યા હતા. એચડીએફસી સૌથી વધુ ૦.૪૩ ટકા ઘટ્યો હતો, જ્યારે એચડીએફસી બેંક અને નેસ્લે પણ ઘટ્યા હતા.

વૈશ્વિક બજારોમાં, ગયા અઠવાડિયે વોલ સ્ટ્રીટ મજબૂત નોંધ પર બંધ થયા પછી યુરોપ અને એશિયામાં શેર વધ્યા હતા, જેણે ત્રણ સપ્તાહની ખોટની સિલસિલો તોડ્યો હતો.

# રાજ્યના તમામ જિલ્લામાં ૧૦ હજાર કરોડના વિકાસ કામો થશે


## ગુજરાત સરકારના એક વર્ષના કાર્યકાળ પર વિશેષ કાર્યક્રમ : ભૂપેન્દ્ર પટેલ સરકારને એક વર્ષ પુર્ણ થતાં વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત તમામ જિલ્લામાં ૧૦ હજાર કરોડના વિકાસના કામો થશે

ગાંધીનગર,તા.૧૨

રાજ્ય સરકારના એક વર્ષના કાર્યકાળ પર ગાંધીનગરમાં વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થયો હતો. જેમાં સીએમ ભૂપેન્દ્ર સરકારના એક વર્ષના તેમજ ભાજપ શાસનના બે દાયકાના લેખાંજોખાં રજૂ કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન રાજ્યની મહિલાઓના આરોગ્યમાં સુધાર લાવવા માટે તેમજ તેમને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે વિવિધ યોજનાઓ લાગુ કરી હતી. આ જ દિશામાં આગળ વધીને જૂન ૨૦૨૨માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' શરૂ કરવામાં આવી. ૧૮ જૂન, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો. યોજના શરૂ કર્યાથી અત્યાર સુધીમાં (વર્ષ ૨૦૨૨-૨૩) ૩,૩૮,૦૦૦ માતાઓ આ યોજનાનો લાભ લઈ ચૂકી છે. રાજ્ય સરકારે ગુજરાતની લગભગ ૮૦% જનતાને આપ્યું કોવિડ વેક્સિનેશનનું સુરક્ષા કવચ ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં ગુજરાતને મળ્યા ૧૨.૪૩ કરોડથી વધુ વેક્સિનના ડોઝ.

નવી નીતિઓથી ગુજરાત પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે અગ્રેસર આઈટ બાયોટેક્નોલોજી અને રમતગમત ક્ષેત્રે નવી પોલિસીથી રોજગાર તેમજ ,કૌશલ્ય નિર્માણ થશે. વર્ષ ૨૦૦૧ના સમયગાળા પહેલા ગુજરાત પાણીની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું હતું. જે દિવસથી નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યારથી તેમણે ગુજરાતના દૂરના અંતરિયાળ વિસ્તારો સુધી પર્યાપ્ત



પાણી પૂરું પાડવાને પોતાનું મિશન બનાવ્યું હતું અને પોતાના નક્કર પ્રયાસ થકી તેમણે આ મિશન સાકાર પણ કરી બતાવ્યું. આજે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર આ મિશનને આગળ ધપાવી રહી છે. રાજ્યના ખૂણેખૂણામાં પાણી પહોંચાડવાની નેમને અનુસરીને છદ્ધ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે જૂન ૨૦૨૨માં મહત્વાકાંક્ષી એસ્ટોલ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો. ૧૦ જૂન, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે એસ્ટોલ પ્રોજેક્ટ જનતાને સમર્પિત કરવામાં આવ્યો, જેના થકી વલસાડ જિલ્લાના પહાડી વિસ્તારોના અંતરિયાળ આદિવાસી વિસ્તારોના ૧૭૪ ગામડાઓ અને ૧૦૨૮ ફળિયાઓમાં રહેનારા ૪.૫૦ લાખ લોકોને પાણીનો લાભ મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, ગુજરાતના ખેડૂતોની સ્થિતિ સુધારવા પર ખૂબ ભાર મૂક્યો હતો. ખેડૂતોને સબસીડી આપવાથી માંડીને વીજળીનો અવિરત પુરવઠો પૂરો પાડવા સુધી તેમણે વિવિધ યોજનાઓ અને પ્રોજેક્ટ્સ શરૂ કર્યા. છેલ્લાં કેટલાંક મહિનાઓમાં કૃષિ ક્ષેત્રે અદ્યતન ટેક્નોલોજીનો વ્યાપ વધારીને ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં વિવિધ યોજનાઓ અને નિર્ણયો લાગૂ કર્યા છે.

# ઓગસ્ટમાં ગ્રાહક સ્તરનો ફૂગાવો ૭ ટકાએ પહોંચી ગયો

નવી દિલ્હી, તા.૧૨

ભારતમાં છેલ્લા ત્રણ મહિનાથી મોંઘવારીમાં સામાન્ય રાહત મળી રહી હતી પરંતુ ઓગસ્ટ મહિનામાં આ ટ્રેન્ડ તૂટ્યો છે. ઓગસ્ટમાં ભારતનો ગ્રાહક સ્તરનો ફુગાવો ફરી ૭%ના લેવલે પહોંચ્યો છે. સોમવારે જાહેર થયેલ આંકડા અનુસર ઓગસ્ટમાં કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્સ(સીપીઆઈ) ખાદ્ય મોંઘવારી વધતા ૭%એ પહોંચ્યો છે. સરકારના ઘઉં અને બાદમાં લોટના નિકાસ પર પ્રતિબંધ લાદવા છતા જુલાઈના ૬.૭૧%ની સામે ઓગસ્ટમાં ગ્રાહક સ્તરનો ફુગાવો ૭%એ પહોંચ્યો છે.

# વેપારી માટે ભયનું વાતાવરણ નાબૂદ કરાશે : અરવિંદ કેજરીવાલ

## GSTના દરમાં પણ સુધારો કરવાની જરૂર છે , વેપારી અને લોકોને સમજણ પડે તેવુ માળખું રાખવાની જરૂર છે

અમદાવાદ,તા.૧૨

વિધાનસભાની ચૂંટણી નજીક આવતા જ કેન્દ્રિય નેતાઓ ગુજરાતમાં પ્રચાર અર્થે આવી રહ્યા છે. આ વખતે ગુજરાતમાં AAPની એન્ટ્રીથી ત્રિપાંખિયો ચૂંટણી જંગ થવાનો છે ત્યારે AAP સંયોજક અરવિંદ કેજરીવાલ દર સપ્તાહે ગુજરાત આવી ગેરંટીઓ પર ગેરંટીનો વરસાદ કરી રહ્યા છે. ત્યારે ૨ દિવસના પ્રવાસ દરમિયાન કેજરીવાલે અમદાવાદમાં વેપારીઓ સાથે ટાઉનહોલ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં નિવેદન આપતા કહ્યું કે ગઈકાલે જયારે હું ફલાઈટમાં આવતો હતો ત્યારે અમદાવાદનો એક સ્ટોક બ્રોકર બેઠો હતો. તેણે કહ્યું સાહેબ મારે તમારી સાથે ફોટો લેવો છે તો મેં કીધું કે લઈ લો, તો વેપારીએ કીધું કે રહેવા દો પ્રોબ્લેમ થઈ જશે. કેમકે તમારી પાછળ સી.બી.આઈ અને ઈ.ડી પડેલી છે. વેપારીઓ ગુજરાત સરકારથી ડરે છે. દેશના વેપારીઓ ફોટો લેવાથી ડરે છે તો દેશ ક્યાંથી આગળ આવશે ?



### દિવાળી પૂર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વધુ ખરાબ સ્થિતિમાં જોવા મળે છે. ઠેર ઠેર ગાબડા અને ખોદાણના લીધે ખાડા ટેકરાની સ્થિતિ જોવા મળે છે. જો કે આગામી ટુંક સમયમાં જ કોર્પોરેશન કક્ષાએથી સે-૧ થી ૫ ના આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે. દિવાળી આસપાસ સેકટરોમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાશે નવા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડથી વધુ ખર્ચ કરાશે.

### સોલાર બ્લિન્કર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. જેના લીધે શહેરમા ઘણાં ઠેકાણે બ્લિન્કર બિન ઉપયોગી થઈ ગયા હતા જયારે આ મામલે પોલીસનુ પણ ધ્યાન દોરવામાં આવ્યુ હતુ જો કે બેટરીની ઉઠાંતરી કરવાનો સિલસિલો ચાલુ રહ્યો હતો. જેને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સોલાર પેનલની સાથે બેટરીવાળા ઈનબ્યુલ્ટ બેટરી ધરાવતા સોલાર બ્લિન્કર મુકવામાં આવ્યા છે. તંત્ર દ્વારા પોલીસના માર્ગદર્શન હેઠળ મુકવામાં આવેલા આ પ્રકારના ૧૦૮ બ્લિન્કર્સ મુકવામાં આવ્યા છે. આ બ્લિન્કરના આધારે સતત પીળી લાઈટ લબુક ઝબુક થતી રહેતા માર્ગ પર દોડતા વાહનોમાં ગતિનિયંત્રણ જળવાય છે. અને માર્ગ અકસ્માત અટકાવવામાં પણ આ વ્યવસ્થા ઉપયોગી પુરવાર થઈ રહી છે.

### ૧૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્યો છે. તંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં ૯૭૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દી તેમજ ૩ દર્દી ૬૦ થી વધુ વય ધરાવતા છે. મોટીવયના દર્દીઓ અને મહિલા દર્દીઓની વધતી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો શહેરના વિવિધ સેક્ટરોમાંથી મળ્યા હોવાથી તંત્ર સતત દોડતુ દેખાયુ હતુ. આજે નોંધાયેલા દર્દીઓ પણ લોકલ ટ્રાન્સમીશનથી સંક્રમિત થયેલા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે સે. ૨૦માંથી બે તેમજ સે. ૨૯, ૮, ૬ અને ૯ માંથી કેસો મળી આવેલ છે.

સે. ૨૦માં વૃદ્ધ દંપત્તિ કોરોનામાં સપડાયુ છે. સે. ૨૦માં ૮૪ વર્ષના વૃદ્ધા અને ૯૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તંત્રએ તાકીદ કરી છે.

### નવિનીકરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બદલવા માટે પણ કામ હાથ ધરાશે આ કાર્યયોજનાને અનુલક્ષીને ટુંકમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે હવે વર્ક ઓર્ડર પણ આપી દેવાશે. સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં સ્થિત આ બિલ્ડીંગમાં તાલીમાર્થીઓને અનુલક્ષીને નિર્માણ કરાયેલા રૂમ પણ વર્ષો જુના છે. જેના લીધે ખંડરે બનતા રૂમને નવા રૂપરંગ આપવા માટે રીનોવેશનની યોજના હાથ ધરવામાં આવી છે.